અનુ.જનજાતિની ૪ આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ અંગે..
(૨૦૦૮-૦૯)

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અમશ/૧૫૦૮/ન.બા.૪/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 19 APR 2008

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૫/૧૧/૮૮ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૧૪૮૮/૬૬૫/ગ

૨. કમિશનરશ્રી,આ.વિ.ના તા:૭/૧/૦૮ ના પત્ર ક્રમાંકઃ આવિ / આશા/ ૨/૨૦૦૭-૦૮ ૭૨ થી ૭૩

ઠરાવ :-

આમુખ ક્રમાંક:(૧) માં જણાવેલ તા:૨૫/૧૧/૮૮ ના ઠરાવથી અનુ. જનજાતિના વિધાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે અનુ. જનજાતિની ૪ આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ માટે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૪.૯૨ લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ માટેની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુ. જનજાતિ ની ૪ આશ્રમશાળાઓના ક્રમિક વિકાસ માટેની બાબતને મંજુરી આપવામાં આવે છે આ અંગે નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા. ૪.૯૨ લાખની બજેટ જોગવાઇ ને ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૨/ આશ્રમશાળાઓ માટે નીચે દર્શાવેલ જગ્યાઓને તેના સામે દર્શાવેલ ફીકસ પગારથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | ફીકસ પગાર |
|---|---|---|---|---|
| ૧) | મદદનીશ શિક્ષક | ૨ | ૪૦૦૦-૬૦૦૦ | ૨૫૦૦/- |
| ૨) | રસોઇયા | ૧ | - | ૧૫૦૦/- |
| ૩) | મદદનીશ રસોઇયા | ૨ | - | ૧૫૦૦/- |
| ૪) | રસોડા કામદાર | ૧ | - | ૧૫૦૦/- |

મદદનીશ શિક્ષકની જગ્યાઓ નાણાં વિભાગના તા:૧૬/૨/૦૬ અને તા:૧/૮/૦૬ ના ઠરાવની જોગવાઇ મુજબ રૂા. ૨૫૦૦/- ના માસિક ફીકસ પગારથી સીધી ભરતીથી ભરવાની રહેશે.

વર્ગ-૪ ની જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા:૩૦/૧૧/૦૬ ના ઠરાવથી જોગવાઇ મુજબ રૂા. ૧૫૦૦/- માસિક ફીકસ પગારથી આઉટસોર્સિંગથી ભરવાની રહેશે.

જગ્યાઓ ભરવા માટેની અન્ય શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

૧ ફીક્સ પગારથી ભરવાની થતી જગ્યાઓ ભરતી વખતે નાણાં વિભાગના તા:૧૬/૦૨/૦૬ના ,તા:૧.૮.૦૬ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ના ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨ સીધી ભરતીથી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમોનુસાર સીધી ભરતીના / બઢતીના ફાળે આવતી હોવાની શરતે ભરવાની મંજુરી આપવામાં આવે છે.

૩ સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા:૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦-(પા.ફા)પી.ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા:૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

૪ આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

૫ આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે

૬ આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને તા:૧/૪/૦૮ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે

૭ કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રર્વતમાન ભરતી નિયમોનુસાર ઉમેદવારે નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલયની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૮ રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત થતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

૯ આ જગ્યાઓ તા:૨૮/૨/૦૯ સુધી ચાલું રાખવાની મંજૂરી આપીએ ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી મંજૂરી મેળવવાની રહેશે.

૪/ આશ્રમશાળાના વહીવટ અને સંચાલન માટેની અન્ય શરતો યોજનાની પેર્ટન પ્રમાણે યથાવત રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક:૯૬ મુખ્ય સદર :૨૨૨૫ અનુ. જાતિ ઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ(ચાલુ) પેટા મુખ્ય સદર -૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ગૌણસદર ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના , પેટા સદર બીસીકે-૧૭૯ , આશ્રમશાળાઓ વિગતવાર સદર -૩૧-સહાયક અનુદાન -(ગ)અન્વયે." હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૬/ આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી(ખર્ચ) નાંણા વિભાગની તા: ૩૧/૩/૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ ક. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

નકલ રવાના:-

માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.શિક્ષણ મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાંથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ સચિવશ્રીઓ આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
સર્વે ઉપ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
તકેદારી અધિકારીશ્રીઓ , આ.વિ
સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ,
નાણાસલાહકારશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.

AMS-1508-NBA-4-GH-408-J